GJAN020010152022

દાવો દાખલ તા. ૧૬/૦૩/૨૦૧૦
દાવો રજી. તા. ૧૬/૦૩/૨૦૧૦
દાવો ફેસલ તા. ૦૬/૦૮/૨૦૨૬
સમય ગાળો. વર્ષ – માસ – દિવસ
૧૬ – ૦૪ – ૨૧

**નામદાર પ્રિસાઈડીંગ ઓફિસર, કોમર્શીયલ કોર્ટ, મુ. આણંદ.**

**કોમર્શિયલ સીવીલ સ્યુટ નં. ૦૧/૨૦૨૨**

M/s. Zhejiang Wuma Reducer Co. Ltd.
The Third Plot pu 404 Industry Zone,
Lachaq, Wenzaou, Zejiana, China,
Through as Authorized Representative,
Upanish Raval, At. Plot No. C-12,
Shop No. 4, G.I.D.C., V.U. Nagar, Anand.

..... વાદી.

**–// વિરૂધ્ધ //–**

(1) Rotamotive Power Drive India ltd,
Its Senior Manager Batuk P. Dave,

(2) Motive S.R.L.
Having Principal Office,
At. Via. Artigianale 1101/11225010

Through Authorized Representative of
Batuk P. Dave, At. Anand, Both Resi. At. 2102/4,
G.I.D.C. V.U. Nagar, Anand.

**..... પ્રતિવાદીઓ.**

**દાવોઃ–** **રૂ. ૬,૫૩,૨૦૦/– (વ્યાજ સાથે) ના આંકથી નાણાંની વસૂલાત અંગેનો.**

---

**પક્ષકારો તરફે હાજરઃ–**

**વાદી તરફે – વિ.વ.શ્રી. પી.એચ. સેનવા/આર.વી. શાહ.**

**પ્રતિવાદી તરફે – વિ.વ.શ્રી. આર.એ. શાહ.**

---

**–// ઠ રા વ //–**

(૧) હાલનો કોમર્શિયલ દાવો અગાઉ સ્પે. સીવીલ સ્યુટ નં. ૩૧/૨૦૧૦ થી દાખલ થયેલ ત્યારબાદ મારા પુરોગામી ત્રીજા એડી. સીની. સીવીલ જજનાઓએ તા. ૧૨/૦૧/૨૦૨૨ ના રોજ આંક–૦૧ હેઠળ હુકમ કરી હાલના દાવો કોમર્શિયલ નેચરનો હોય આ દાવાને કન્વર્ટ કરી કોમર્શિયલ દાવા તરીકે હાલનો દાવો અસ્તિત્વમાં આવેલ છે.

(૨) હાલનો દાવો ચાઇના સ્થિત કંપની દ્વારા એમના ઓથોરાઇઝ રીપ્રેઝન્ટેટીવ ઉપનિષ રાવલ દ્વારા દાખલ કરવામાં આવેલ છે. હાલનો દાવો રૂ. ૬,૫૩,૨૦૦/– (વ્યાજ સાથે ) ના આંકથી કરવામાં આવેલ છે. હાલના દાવાની ટુંકી વિગત એવી છે કે, પ્રતિવાદીઓ ઇલેક્ટ્રીક મોટર્સ અને ગીયર બોક્ષનો ધંધો કરે છે અને વાદી કંપનીના તેઓ ગ્રાહક છે અને તેઓના ઓર્ડર પ્રમાણે ગીયર બોક્ષ અને એસેસરીજ બનાવીને આપવામાં આવે છે. પ્રતિવાદીઓને કાંતો રીડેમેઇડ ગીયર બોક્ષ સપ્લાય કરવામાં આવે છે અથવા

શાફ્ટ અને એસેસરીજ ગીયર બોક્ષમાં બેસાડીને સપ્લાય કરવામાં આવે છે કે જેથી આગળ પ્રતિવાદી પોતાના ગ્રાહકોને ગીયર બોક્ષ સપ્લાય કરી શકે. વધુમાં પ્રતિવાદી નં. ૨ કે જેની દાવા અરજીમાં એડ્રેસ ધ્યાને લેતાં ઇટલીની જણાઇ આવે છે, જે પ્રતિવાદી નં. ૨ સાથે સંયુક્ત સાહસ અને ધંધો ધરાવે છે. આ દાવાનું કોઝ ઓફ એક્શન કે જે પેરા નં. ૬ થી રજુ છે જે ધ્યાને લેતાં જેમાં પ્રતિવાદી નં. ૨ ઇટલીની કંપની છે જે પ્રતિવાદી નં. ૧ સાથે સંયુક્ત સાહસ અને ધંધો ધરાવે છે. વધુમાં જણાવ્યા પ્રમાણે પૈસા બાબતે કોઈ રકમ દર્શાવવામાં આવેલ નથી. ફક્ત એટલું જ દર્શાવવામાં આવેલ છે કે, એકાઉન્ટ સ્ટેટમેન્ટ અને પ્રતિવાદીને નોટીસની જાણ થયા છતાં તેમને પૈસા આપેલા નથી તેથી હાલનો દાવો દાખલ કરેલો છે. વધુમાં પેરા નં. ૬ કોઝ ઓફ એક્શનમાં તથા દાવા અરજીમાં ક્યાંય પણ એ હકીકત જણાઇ આવતી નથી કે, હાલના દાવામાં પ્રતિવાદી નં. ૨ કે જે ઇટલીની કંપની છે એનું ટ્રાન્જેક્શન ભારતની જમીન પર થયું તેમજ પ્રતિવાદી નં. ૧ સામે પણ ટ્રાન્જેક્શન જે થયેલ છે તેમાં હાલની ટેરીટોરીયલ જ્યુરીડક્શન બાબતે સ્પષ્ટતા થતી નથી અને માંગણી મુજબની રકમ દર્શાવવામાં આવેલ નથી. વધુમાં પેરા નં. ૬ કોઝ ઓફ એક્શનમાં વાદીના કહ્યા પ્રમાણે પ્રતિવાદીને ડીમાન્ડ નોટીસ ઇસ્યું કરવામાં આવેલ એટલે કે પ્રતિવાદીઓ નહીં પરંતુ ફક્ત પ્રતિવાદી શબ્દ ધ્યાને લેતાં એ પણ ક્યા નંબરના પ્રતિવાદી એ હકીકત પણ સ્પષ્ટ થતી નથી.

(૩) હાલના કામમાં પ્રતિવાદી તરફે આંક–૭૨ થી પ્રીલીમીનરી ઇસ્યુ ફ્રેમ કરવાની અરજી આપી જણાવેલ છે કે, ઉપરોક્ત કામે હાલના વાદી કંપની કે જે ચીન ખાતેની કંપની છે અને હાલનો દાવો તેઓના ઓથોરાઇઝ રીપ્રેઝન્ટેટીવ તરીકે શ્રી ઉપનીષ રાવલ નાઓ દ્વારા દાખલ કરવામાં આવેલ છે. સદર કામે નામદાર અદાલતમાં વાદી કંપની દ્વારા તેઓના ઓથોરાઇઝ રીપ્રેઝન્ટેટીવને દાવો દાખલ કરવા કોઈ સત્તા આપેલ હોય કે કેમ તે અંગેનો કોઇ કાયદા મુજબનો અને કાયદામાં માન્ય હોય તે મુજબનો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જેથી હાલનો દાવો ચાલી શકે તેમ ન હોય અને તેથી નીચે મુજબનો પ્રીલીમીનરી ઇસ્યુ ફ્રેમ કરવા દેવાનો યોગ્ય ન્યાય નિર્ણય કરવા આવશ્યક હોય નીચે મુજબનો પ્રીલીમીનરી ઇસ્યુ ફ્રેમ કરવા મે. કરશોજી

તેમ જણાવી પ્રીલીમીનરી ઈસ્યુ જણાવેલ છે કે, **"શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપનીએ દાવાના કામે કાયદાકીય કાર્યવાહી કરવા તેઓના ઓથોરાઈઝ રીપ્રેઝન્ટેટીવને કાયદા મુજબની કોઈ સત્તા કે અધિકાર આપેલ છે ?"**

(૪) ઉપરોક્ત આંક–૭૨ વાળી પ્રતિવાદીની અરજી તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ આપ્યા બાદ વાદી તરફે આંક–૭૨ ના જવાબ માટે કામ રાખેલ હતું પરંતુ તે સમયે વાદી તરફે આંક–૭૧ તેમજ આંક–૭૩ ની મુદત અરજીઓ મંજુર રાખવામાં આવેલી. ત્યારબાદ વાદી તરફે આંક–૭૨ ની અરજીનો કોઈ જવાબ ન આવતા, આંક–૭૪ થી પ્રતિવાદીના વિ.વ.શ્રીએ અરજી આપી વાદીનો આંક–૭૨ નો જવાબનો હક્ક બંધ કરવા અરજી આપેલ છે જે નામદાર કોર્ટે તા. ૧૦/૦૬/૨૦૨૬ ના રોજની અરજી ઉપર વાદી તરફે કોઈ આંક–૭૨ બાબતે જવાબ ન આવતા તા. ૦૧/૦૭/૨૦૨૬ ના રોજ આંક–૭૪ ની અરજી હેઠળ હુકમ કરી વાદીનો જવાબનું સ્ટેજ બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ નામદાર કોર્ટે તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ આંક–૭૨ હેઠળ નીચે મુજબનો હુકમ કરેલ છે જે નીચે પ્રમાણે છે–

**ORDER BELOW EXH.01 & 72 IN COMMERCIAL CIVIL SUIT NO.01/2022**

1. Heard. Ld. Advocate for the defendant. The present application has been preferred by the defendant. The short facts of the present application is that plaintiff is plaintiff is M/s. Zhejiang Wuma Reducers Co. Ltd. situated at China and present suit has been filed by their authorized representative but plaintiff has never produced any documentary evidence which can show that Shri Upnish Raval is the authorized representative of plaintiff company without which present suit can't be proceeded further and prayed for framing of prelimanary issues to that regard. Plaintiff has failed to file reply to this application nor has applied for time though sufficient time has been given. In my humble view of matter whether Shri Upnish Raval is authorized representative without having authority letter, so it goes to root of the matter, so present application deserves to be allowed accordingly allowed. Hence following preliminary issue is

framed under Orde 14 of C.P.C.:-

**Issue :**

Whether plaintiff proves that Shri Upnish Raval is authorized representative of the plaintiff company ?

The aforesaid preliminary issue goes to the root of the suit, so written submission and hearing first be made to that regard. Order accordingly.

ઉપરોક્ત પ્રાથમિક મુદ્દો કે જે દાવા સાથે સીધો સંબંધ ધરાવે છે તે ન્યાયના હિતમાં સી.પી.સી.ના ઓર્ડર–૧૪, રૂલ– ૨, સબ રૂલ–૨ ધ્યાને રાખી ઘડવામાં આવેલ છે એટલે કે, ઉપરોક્ત પ્રાથમિક મુદ્દો દાવાની કાયદેસરતા સબંધે ઘડવામાં આવેલ છે.

(૫) ઉપરોક્ત હુકમ પ્રમાણે બંન્ને પક્ષકારોએ પ્રાથમિક મુદ્દો કે જે દાવાના વિષયવસ્તુ સાથે સંકળાયેલ છે તે સાંભળવાનો અને લેખિત રજુઆત પ્રતિવાદી પક્ષે ઉપર ચર્ચા કરી તે પ્રમાણે આવ્યા બાદ પણ વાદી પક્ષે આવી કોઇ રજુઆત કે દલીલ કરેલ ન હોય તેમનો હક્ક બંધ કરવામાં આવેલો અને ત્યારબાદ આંક–૭૮ થી આંક–૭૨ વાળી અરજીના જવાબનો હક્ક ખોલવા માટેની અરજી તા. ૦૩/૦૮/૨૦૨૬ ના રોજ વાદી દ્વારા આપવામાં આવેલ છે અને એજ દિવસે માંગ્યા મુજબનો હક્ક ખોલી આપવામાં આવેલ અને વાદી તરફે આંક–૭૨ નો જવાબ આંક–૭૯ થી આપેલ છે. જે જવાબ અક્ષરશઃ ધ્યાને લેતાં "(૧) જયારે દાવો દાખલ દાખલ થયા બાદ છેલ્લામાં સી.પી.સી. ઓ.૮ રૂલ.૧ તથા સી.પી.સી ઓ.૮, રૂલ.૧૦ મુજબ કાયદા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ જવાબ અરજી કરવાનાં સમય નામદાર કોર્ટ Discretion (અનિવાર્ય) સંજોગોમાં મંજુર કરે તો તેનો સમય '૧૨૦' દિવસ નો (Commercial Coliqulion) હોય તો પણ માફ કરી શકે. (૨) જયારે આ કેસમાં જવાબનો સ્ટેજ બંધ થયેલ છે અને નામ. કોર્ટે ઈસ્યુ ફ્રેમ કરેલા છે. (૩) ત્યારબાદ, વાદીની જુબાની લેવામાં આવેલ છે. અને ત્યારબાદ તેઓને જવાબમાં કોઈજ અધિકાર રહેતો નથી તે કાયદાનો મુળભુત સિધ્ધાંત છે અને

કાયદાની જોગવાઈ જોતા સી.પી.સી.ઓ.૮ રૂ. ૧૦ મુજબ સીધી ડિક્રી થાય. (૪) સામાવાળા સી.પી.સી. ઓ.૮. રૂ.૯ દર્શાવે તો તે માત્ર મુળ જવાબના એમેન્ડમેન્ટ પર હોઈ પણ મુળ જવાબ જ ન હોઈ તો તેને કોન્ટ્રાડીકટરી કોઈ જ જવાબ રજુ થઈ શકે નહી. (૫) આ કામે મુળભુત રીતે જવાબ જ રજુ ન થયો હોઈ ત્યારે બીજી તકરાર લઈ શકાય નહી તેમ છતાં. પ્રતિવાદીએ વાદીને વાદગ્રસ્ત ગુડસ મોકલવાનો ઓર્ડર ભારતમાંથી કર્યો છે ત્યારબાદ ડીલીવરી અંગે ભારત માલ મંગાવ્યો ત્યારબાદ કોઈ એકસપર્ટ ઓપીનીયન લીધો નથી તેમજ ધંધાકીય વ્યવહાર પણ આપ ના. કોર્ટની હકુમતમાં થયેલ છે તેમજ પ્ર.વાદીનો વેપાર અને વ્યવહાર ભારત દેશમાં થયેલો છે અને તે ચીનથી માલ ખરીદ કરેલ છે અને ભારત દેશમાં વ્યવહાર થયેલ હોય. જેથી આપ ના. કોર્ટની હકુમતમાં ચાલવા પાત્ર છે અને જયારે ભારતમાં જ આ બધુ ટ્રાન્ઝકશન થયુ હોઈ તો ભારતનું જ જયુરીસડીકશન લાગુ પડે અને ઓ.૮ રૂ.૧ તથા ઓ.૮, રૂલ ૧૦ મુજબ પોતાનો કેસ મુકવાનો પ્રા.વાદીને મુળથી જ અધિકાર રહેતો નથી. (૬) આ કેસ ડીઝાઈનનો નથી માત્ર રીકવરી ઓફ એમાઉન્ટ નો છે જેથી પણ આ અરજી કાયદેસર નથી અને ચાલવા પાત્ર પણ નથી તેમજ મુળ થી જ આ અરજી કરવાનો અધિકાર નથી. (૭) સદર કામે જયારે વાદીએ દાવો રજુ થયો ત્યારે પ્ર.વાદીએ જે તે મુદતે દિન ૩૦માં લેખિત જવાબ રજુ કરવો જોઈએ તે ઉપરાંત પ્ર.વાદીએ મુદત માગે તો વધુમાં વધુ ૯૦ દિવસમાં જવાબ કોઈપણ સંજોગોમાં રજુ કરી દેવો પડે. આ કામે પ્ર.વાદીએ ૨૦૧૦ થી ૨૦૨૫ સુધી કોઈ જ લેખિત જવાબ રજુ કર્યો નથી, અને તદ્દન ખોટી રજુઆત કરીને સદર અરજી આપી છે. જે પ્રથમદર્શનીય રીતે જ રદ્દ થવાને પાત્ર છે. (૮) સદર કામે ના. કોર્ટે મુદ્દા ઈસ્યુસનું નિર્માણ કરેલ છે અને ઈસ્યુસ સુધી પણ કોઈ જવાબ આપેલ નથી, ત્યારબાદ અમો વાદીએ અમારા પુરાવા સોગંદનામુ અરજીમાં આપેલું છે. (૯) સદર કામે પ્ર.વાદીએ અમો વાદીની ઉલટ તપાસ પણ કરેલ છે અને ઉલટ તપાસમાં તેઓએ મુદ્દત માંગેલી છે અને ત્યારબાદ આવા સ્વરૂપે જવાબ રજુ કરવાની અરજી આપે છે અને હાલમાં આવી ખોટી અરજી આપી ના. કોર્ટનો સમય વ્યય કરવા માંગે છે જેથી પણ સદર અરજી રદ થવાને પાત્ર છે. (૧૦) સદર કામે વાદી તરફથી સ્પષ્ટપણે વાંધો પણ લેવામાં આવેલ છે કે જયારે જવાબ રજુ ના હોય ત્યારે

પ્ર.વાદીને પોતાનો કેસ મુકવાનો કોઈ અધિકાર પણ નથી. (૧૧) સદર કામે સી.પી.સી ૮, રૂલ ૧–૨ની જોગવાઈ તથા રૂલ – ૯ની જોગવાઈઓ જોતા પ્ર.વાદીને જવાબ આપવાનો કોઈ જ અધિકાર આ તબકકે રહેતો નથી. તેમ છતાં પોતાના બચાવનો જવાબ રજુ કરવા પ્રયત્નો કરેલ છે અને ખોટી રીતે સદરહું અરજી આપેલ છે. (૧૨) આમ, ઉપર મજબ કાયદાની જોગવાઈઓ મજબ કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પ્ર.વાદીની અરજી ખર્ચ સહીત રદ્દ કરશોજી તથા ખોટી અરજી કરી કેસ લંબાવવાના ઈરાદે આવી ખોટી અરજી કરેલ હોય નવા સી.પી.સીનો જોગવાઈઓ મજબ અમો વાદીને પ્ર.વાદી પાસેથી સ્પેશ્યલ કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા હકમ કરવા મે. કરશોજી." આ જવાબ ધ્યાને લેતાં વાદી જણાવે છે કે, જ્યારે કામમાં જવાબ રજુ ન હોય ત્યારે પ્રતિવાદીને પોતાનો કેસ મુકવાનો કોઇ અધિકાર પણ નથી. વધુમાં વાદીએ સી.પી.સી.નો ઓર્ડર–૮, રૂલ–૧–૨ ની જોગવાઇ તથા રૂલ–૯ ની જોગવાઇઓ પ્રમાણે પ્રતિવાદીને જવાબ આપવાનો અધિકાર આ તબક્કે રહેતો નથી. વાદીનો જવાબ ધ્યાને લેતાં એમને ફક્ત હાલના તબક્કે પ્રતિવાદીને જવાબ આપવાનો અધિકાર નથી એવું જણાવેલ છે પરંતુ અત્રેની કોર્ટ દ્વારા ઘડવામાં આવેલ પ્રાથમિક મુદ્દાનો કોઇપણ જવાબ વાદીએ આપેલ નથી કે કહેવાતા વાદીના ઓથોરાઇઝ્ડ રીપ્રેઝન્ટેટીવ ઉપનિષ રાવલ વાદી કંપની દ્વારા હાલનો દાવો વાદી તરફે હાજર થઇ ચલાવવાનો એવી કોઈ સત્તા આપતો અસલ દસ્તાવેજ કે અસલ ઓથોરીટી લેટર અને એ દર્શાવતું વાદી કંપનીની મીટીંગના મીનીટ્સ, પ્રાથમિક મુદ્દાની દલીલોમાં વાદીને તક મળેલ હોવા છતાં, રજુ રાખેલ નથી અને જ્યાં સુધી આંક–૭૨ વાળી પ્રતિવાદીની પ્રાથમિક મુદ્દો ઘડવાનો સવાલ છે ત્યાં સુધી એ જવાબ ન ગણી શકાય પરંતુ એ એક પ્રકારની અરજી છે. વધુમાં જો આવી અરજી ન આપવામાં આવેલી હોય તેમ છતાં નામદાર કોર્ટને લાગે ત્યારે આ પ્રકારનો પ્રાથમિક મુદ્દો ઘડી શકે, ટુંકમાં આંક–૧ અને ૭૨ હેઠળ કરવામાં આવેલ હુકમ અને પ્રાથમિક મુદ્દાનો કોઇપણ જવાબ વાદી તરફે રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ પ્રાથમિક મુદ્દા પ્રમાણે/મુજબ પ્રતિવાદીએ કોઇ અસલ ઓથોરીટી લેટર તેમજ વાદી કંપનીના મીટીંગના મીનીટ્સ કે જે દર્શાવી શકે કે, શ્રી ઉપનીષ રાવલને હાલનો દાવો દાખલ કરવાની તેમજ ચલાવવાની સત્તા વાદી કંપની દ્વારા

આપવામાં આવેલ હોય એવો કોઇ પુરાવો પ્રાથમિક મુદ્દાની લેખિત રજુઆત સાથે જણાઇ આવતું નથી તેમજ જે લેખિત રજુઆત વાદી દ્વારા કરવામાં આવેલ છે તે પ્રાથમિક મુદ્દાને સ્પર્શતી નથી અને તેથી તેનો જવાબ ગણી શકાય નહીં અને જ્યારે વાદીની જે પ્રાથમિક ફરજ આવે છે એ અસલ દસ્તાવેજ નામદાર કોર્ટ દ્વારા માંગણી કરવામાં આવેલ હોય અને તે પ્રસ્તુત ન કરી શકે તો આ હાલનો દાવો અસલ ઓથોરીટી લેટરની ગેરહાજરીમાં, દાવો ઓથોરીટી વગર દાખલ કરવામાં આવેલ છે એવું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે એવું મારૂં વિનમ્રપણે માનવું છે.

(૬) વધુમાં ઉપર ચર્ચા કરી તે પ્રમાણે દાવાના પેરા નં. ૬ દાવાનું કારણ ધ્યાને લેતાં રકમ બાબતે વાદી મૂક રહેલા છે તેમજ ટ્રાન્જેક્શન બાબતે દાવાના કારણમાં સ્પષ્ટતા જણાઇ આવતી નથી એટલે કે, સ્થળ અને પૈસા બાબતે કારણ કે, વાદી કંપની ચાઇના મુકામે કાર્યરત છે અને પ્રતિવાદી નં. ૧ વાદીના કહ્યા પ્રમાણે આણંદ મુકામે આવેલી છે, જ્યારે પ્રતિવાદી નં. ૨ ઇટલી મુકામે આવેલી છે. તેથી વ્યવહારો કે જે પક્ષકાર વચ્ચે થયા તેમજ વ્યવહારોથી થયેલ પૈસાની લેવડદેવડ બાબતે પેરા નં. ૬ દાવાનું કારણ તેમજ દાવા અરજીમાં તેની સ્પષ્ટતા જણાઇ આવતી નથી. તેથી માનવાને કારણ છે કે, આ કોર્ટને સ્થાનિક હકુમત (ટેરીટોરીયલ જ્યુરીડીક્શન) નો બાધ નડે છે એવું મારૂં વિનમ્રપણે માનવું છે.

વધુમાં આંક–૭૨ વાળી અરજી વાદીઓ વતી તેમના વિ.વ.શ્રી. પી.એચ. સેનવા નાઓએ તા. ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ રીસીવ કરેલ છે જે મતલબનું ઈન્ડોર્સમેન્ટ આંક–૭૨ ની અરજી ઉપર જણાઇ આવે છે. તેથી સામાન્ય સંજોગોમાં માનવાને કારણ છે કે, આંક–૭૨ વાળી અરજી વાંચીને હાલનો આંક–૭૯ વાળો જવાબ તા. ૦૩/૦૮/૨૦૨૬ ના રોજ રજુ થયેલ છે, આંક–૭૨ વાળી અરજી તથા પ્રાથમિક મુદ્દાનો જવાબ જે આપવામાં આવેલ છે જે આંક–૭૨ વાળી જવાબના સ્ટેજ પ્રમાણે આપવામાં આવેલ છે એવું પણ માનવાને કારણ છે. વધુમાં અત્રેની કોર્ટના આંક–૧ અને ૭૨ હેઠળ થયેલ હુકમ પ્રમાણે લેખિત રજુઆત રેકર્ડ પર લાવવામાં વાદી પક્ષ

નિષ્ફળ ગયેલ છે તેમજ આગળ ચર્ચા કરી તે પ્રમાણે કોઈપણ અસલ ઓથોરીટી વગર હાલનો દાવો દાખલ કરવામાં આવેલ હોય, દાવાનું કારણ ઉદ્ભવતું નથી, તેથી વાદીનો દાવો સી.પી.સી. નો ઓર્ડર–૭, રૂલ–૧૧ (એ)(ડી) મુજબ વાદીની દાવા અરજીને લાગુ પડે છે. વધુમાં બીજા શબ્દોમાં દાવો દાખલ કરવા માટે સત્તા આપતો કોઈપણ અસલ દસ્તાવેજ વાદીઓ દ્વારા ઉપરોક્ત પ્રાથમિક મુદ્દાના જવાબમાં રજુ રાખવામાં આવેલ નથી, તેથી પણ દાવાનું કારણ ઉદ્ભવતું નથી. તેથી હાલનો દાવો ન ચાલવા માટે ઉપરોક્ત મહત્વના કારણો જવાબદાર છે. આમ, ઉપરોક્ત ચર્ચાના આધારે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–// હુકમ //–</u>**

(૧) આથી વાદીનો દાવો રદ્દ કરવામાં આવે છે.

(૨) બંન્ને પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે.

(૩) આ સાથે આ કામમાં કોઈપણ અરજી પેન્ડીંગ હોય તો તે કેંસલ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તા. ૦૬, માહે– ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
KRISH SRICHAND MAKHIJA
at Anand
on 06/08/2026 17:35:43 IST.

તા. ૦૬/૦૮/૨૦૨૬
આણંદ.

(ક્રિશ શ્રીચંદ માખીજા)
પ્રિસાઈડીંગ ઓફીસર
કોમર્શિયલ કોર્ટ, આણંદ.
GJ–00668

આર.બી. પરમાર, ગુજ. સ્ટેનો, ગ્રેડ–૨, આણંદ.